

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*આ ધનિકોનું 'પેરેડાઈઝ - પેપર' પર છે !*
*ને કાળાં નાણાંનાં ગાણાં માત્ર પેપર પર છે !*
*'પેપર' પર મોટાં માથાંની મસ્તી, થશે પસ્તી -*
*'ચેક' ચૂંટણી શતરંજે, માત્ર પેપર પર છે !!*
*(૭૧૪ સફેદ ઠગ)*

**હાઈકુ**

*કલંકી સિંહા!*
*લ્યો ! પૂરાશે પાંજરે -*
*બોબડી બંધ ?!*
*(અપયશ,વંત સિંહા)*

*બે બિલાડી ને -*
*'અનામત' વાંદરો -*
*કરે છે ન્યાય...*
*(બે પક્ષ, પાથરે ખોળો)*

### ચિંતન

*આશાનામ મનુષ્યાણાં કાચિદ્ આશ્ચર્યશૃંખલા ।*
*યયા બદ્ધાં પ્રવાવન્તિ મુક્તિસ્તિષ્ટન્તિ પંગુવત્ ॥*

ઉપરોક્ત શ્લોક નીતિશતકમાંથી લેવામાં આવેલ છે.

'આશા' નામની કોઈ આશ્ચર્યજનક સાંકળ છે, જેનાથી બંધાયેલો (મનુષ્ય) દોડ્યા કરે છે અને તેનાથી મુક્ત છે, તે પણ દોડ્યા કરે છે.

બીજું આશ્ચર્ય જુઓ, જે બંધાયો નથી તે દોડ્યો નથી, તેને દોડવાની જરૂર લાગતી નથી. તેથી જે આ તૃષ્ણારૂપી આશ્ચર્યજનક સાંકળથી બદ્ધ નથી તે પાંગળા માણસની માફક સ્થિર બેસી રહે છે. આ તૃષ્ણાને હૃદયગ્રંથિ કહેવામાં આવે છે.

આશા એક બંધન છે તેનાથી બંધાયેલો માણસ 'વ્યસન' ની જેમ તેની પાછળ દોડે છે. કોઈમાં કોઈ પણ જાતની આશા ન રાખવી એ જ યુક્તિ છે.

### સુવિચાર

- મન મોતી ને વેણ, એને નહિં સાંધો નહિં રેણ - **જનકલ્યાણ**
- પ્રેમ દૂરદર્શન યંત્ર મારફત જુએ છે, ઈર્ષ્યા સૂક્ષ્મદર્શન યંત્રવાટે - **ઓશો**
- પ્રશ્નોનો ઉકેલ એ જિંદગી નથી, પણ વાસ્તવિકતાનો અનુભવ એ જિંદગી છે - **એસ. ભટ્ટાચાર્ય**
- બુદ્ધ, મહંમદ, સોક્રેટિસ, ઈશુ ને ગાંધી આવ્યા ને ગયા મંત્રાજલિ છાંટી તોયે આપણે તો કોરાકટ - **ચંદ્રકાન્ત બક્ષી**
- ગમતા જ ગમગીની આપે - **અમૃતબિંદુ**
- જયારે બે મિત્રો છૂટા પડે, ત્યારે તેમણે એકબીજાનાં રહસ્યો પર તાળાં લગાવીને ચાવીઓ બદલી લેવી જોઈએ - **ભૂપત વડોદરિયા**
- આજનું ઔષધ : અધેડોના પાસનો રસ ઘા ઉપર લગાવવાથી લોહી વહેતું તત્કાળ બંધ થાય છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

એક વાર એક માતા દસ વર્ષની બાળકીને લઈને ડો.લુઈ પાસે આવી અને કહ્યું, કે આને કૂતરા એ બચકું ભર્યું છે. જેને પંદર દિવસ થઈ ગયા છે. આપ સારવાર કરો.

ડો. લુઈએ કહ્યું, 'મેડમ, તમે મોડા આવ્યા છો, હું કંઈ કરી શકું તેમ નથી.' આ સાંભળી માતા ધ્રુસકે ધ્રુસકે રોવા લાગી. માતાએ કહ્યું, 'ડૉકટર સાહેબ ભલે બચવાની આશા ન હોય, પણ છોકરીના નસીબ હોય તો કદાચ બચી જાય.' ડૉ. લુઈ માતાના વલોપાત સામે ઝુક્યા અને દવા ઈંજેકશન શરુ કર્યા. સાત જ દિવસમાં બાળકીનું મૃત્યુ થયું.'

ડૉ. લુઈના વિરોધીઓએ આ તકનો લાભ ઉઠાવ્યો. છાપામાં કિસ્સો છપાવી કાગનો વાઘ કર્યો. આ પહેલા ડો. લુઈએ ૨૪૯૦ કેસમાં જીવન બચાવ્યું હતું, જે ભુલાઈ ગયુ. રશિયાથી ૧૯ યુવાનો સારવાર લેવા પેરિસ આવ્યા હતા. તેમાંનો ૧૬ યુવાનો બચી ગયા હતા, જે વાતનો ઉલ્લેખ છાપાવાળાઓએ ન કર્યો, પણ જે ત્રણ રશિયનના અવસાનના સમાચાર મોટા અક્ષરે છાપ્યા. છતાં પણ ડો. લુઈ એ માનવસેવા માટે જાત ઘસી નાખી.

# નોટબંધી : સંગઠિત લૂંટ કે પ્રગતિશીલ પગલું

ભારતના અર્થતંત્રને પાટા ઉપર ચડાવનારા વિશ્વકક્ષાના અર્થશાસ્ત્રી અને પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહે ગુજરાતના આર્થિક પાટનગર અમદાવાદમાં કદાચ એમના જીવનનું સૌથી કડક અને ઉગ્ર વ્યાખ્યાન આપી વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં નોટબંધી સહિતનાં કહેવાતા પ્રગતિશીલ પગલાં વિરુદ્ધ પુણ્યપ્રકોપ ઠાલવ્યો છે. નોટબંધીની પ્રથમ વાર્ષિકી પ્રસંગે એક તરફ નાણામંત્રી અરુણ જેટલી સરકારના નિર્ણયને આશીર્વાદરૂપ ગણાવવા મથે છે ત્યારે જ ડૉ. મનમોહનસિંહે એને 'ઉઘાડી લૂંટ' કહી પ્રજા સાથેની છેતરપીંડી ગણાવી છે અને જીએસટીના એનડીએ બ્રાન્ડ સ્વરુપને 'ટૅક્સ ટેરરિઝમ' ગણાવ્યું છે. રાહુલ ગાંધીએ વધુ લોકપ્રિય જુમલો શોધી કાઢી અને ગબ્બરસિંહ ટૅક્સ કહ્યો હતો. ગુજરાતની પ્રતિષ્ઠાભરી ચૂંટણી ટાણે જ આ પ્રકારનાં સરકાર વિરોધી વિધાનોને હવા મળી રહી છે ત્યારે સ્વાભાવિક રીતે જ સરકાર અને શાસક પાર્ટી રક્ષણાત્મક સ્થિતિમાં મુકાઈ ગયેલ છે. મનમોહનસિંહે વર્તમાન સરકાર વિરુદ્ધ બહુ જ તર્કબદ્ધ દલીલો રજૂ કરીને એનાં પ્રજા વિરોધી અને ભારતીય અર્થતંત્રને ખાડે લઈ જનારાં પગલાંનો પર્દાફાશ કરી ગુજરાતની વેપારી આલમ થતા બૌદ્ધિક વર્ગ સમક્ષ વર્તમાન સરકારને અર્થકારણની એબીસીડીનો પણ ખ્યાલ નથી અને વહીવટમાં સદંતર નિષ્ફળતા મળી રહી છે એવું ચિત્ર રજૂ કરી કોંગ્રેસ તરફી વાતાવરણ સર્જવાનો પ્રામાણિક પુરુષાર્થ કર્યો છે. નોટબંધીની વરસીને વિપક્ષે 'કાળા દિવસ' તરીકે ઊજવી એક ઐતિહાસિક કદમ તરીકે ઓળખાવવા પ્રયત્નશીલ છે. જો કે ઊર્જિત પટેલ જેવા ખુદ મોટી સરકારે નીમેલા રિઝર્વ બેંકના ગર્વનર સહિત દેશ અને દુનિયાના નામાંકિત અર્થશાસ્ત્રીઓ હવે આ સરકારી પગલાને ભારતીય અર્થતંત્રની ઐતિહાસિક ભૂલ ગણાવી રહ્યા છે. મહિનાઓ સુધી નાણાં જમા કરાવવા અને બદલાવવા માટે લાઈનો લાગતી રહી અને બેંકો પ્રજાલક્ષી સેવાઓને બદલે એ કામમાં જ ગૂંચવાતી રહી. એટીએમ પણ બંધ કરવાં પડે એવી સ્થિતિ ઘણી શાખાઓમાં પેદા થતી રહી. વળી ખુદ રિઝર્વ બેંક સ્વીકારે છે એમ ૯૯ ટકા નોટો બદલાઈ શકી એનો અર્થ એ કે

**તંત્રીસ્થાનેથી...**

કાળું નાણું કાં તો ખેડૂતોની ખેતીની આવક સ્વરુપે અથવા બેંકોના અધિકારીઓ સાથે કમિશન ગોઠવીને ધોળું કરવામાં એવા માલેતુજારો સફળ થઈ શક્યા. મોટા ભાગનું કાળું નાણું કેશ સ્વરુપે નહીં પણ સુવર્ણ કે જમીનમાં રોકાયેલું હોઈ એ બહાર આવી જ ન શક્યું અને સરકાર દ્વારા કાળાં નાણાં નાથવાના કહેવાતા પ્રયાસોનો કરુણ રકાસ થયો હતો. ઊલટાની નોટબંધીને કારણે નાના વેપારીઓ અને મધ્યમવર્ગના જીવન અને ધંધા પર એવી પ્રતિકૂળ અસરો ઊભી થઈ કે ઘણા લોકો બેરોજગારીનો ભોગ બન્યા અને જીડીપી પણ ગગડી ગયો. આ તમામ બાબતોને તાર્કિક જવાબ આપવાની ક્ષમતા વર્તમાન સરકાર પાસે નથી. કયારેક ભારતીય જનતા પાર્ટીની થિન્ક ટેન્ક ગણાતા અરુણ શૌરી જેવા અર્થશાસ્ત્રી - પત્રકાર કે યશવંત સિન્હા જેવા સિનિયર નેતાઓઆ મુદ્દે ખુલ્લો વિરોધ નોંધાવી ચૂક્યા છે. મોદીએ ફક્ત વિરોધી રાજકીય પક્ષો પાસેનાં કાળાં નાણાંને જ નિશાન બનાવવા નોટબંધીનું અણધાર્યું આકરું પગલું ભર્યું હોય તોય એથી સામાન્ય પ્રજાને તો નુકશાન જ ગયું છે. બેકારી અને બેરોજગારી ઉપરાંત મોંઘવારી વધી છે અને ભારતીય જનતા પાર્ટીની 'રીઢ કી હડ્ડી' - કરોડરજ્જુ સમો વેપારી વર્ગ રસ્તા પર આવી ગયો છે. ડૉ. મનમોહનસિંહના કાર્યકાળમાં થયેલાં કૌભાંડોથી સામાન્ય પ્રજાના ધંધા રોજગાર પર પ્રતિકૂળ અસર નહોતી થઈ. જયારે નોટબંધી અને જીએસટીથી એ જ પ્રજા ત્રાહિમામ પોકારી ગઈ છે અને સરકાર વિરુદ્ધ આક્રોશ વ્યક્ત કરી રહી છે. રાહુલ ગાંધી પણ આ પરિસ્થિતિનો બરાબર લાભ ઊઠાવી રહ્યા છે. ડૉ. મનમોહનસિંહે તો બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પાછળના અધધધ ખર્ચને નર્યો નાણાંકીય વેડફાટ ગણાવી સામાન્ય પ્રજા માટે આવા પ્રોજેક્ટો અર્થહીન હોવાનું જણાવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા લેવાયેલ પ્રગતિશીલ પગલાં તરીકે ઓળખાવવામાં અને ચગાવવામાં આવતી આ તમામ બાબતો શાસક ભારતીય જનતા પાર્ટી માટે ફક્ત ગુજરાત કે હિમાચલની ચૂંટણી પૂરતી જ નહીં બલકે આગામી ૨૦૧૯ની સામાન્ય ચૂંટણી માટે પણ પડકારરૂપ બની રહેશે એમાં શંકાને સ્થાન નથી.

# પ્રોસ્ટેટની આયુર્વેદિક સારવાર



## પહેલું સુખ તે જાતે નર્યા

ડૉ. કેદાર ઉપાધ્યાય

પુરૂષોમાં લગભગ પચાસની ઉમર પછીપ્રોસ્ટેટનો રોગ (એટલે કે પ્રોસ્ટેટની વૃધ્ધિનો રોગ) જોવા મળે એ કોમન છે. તેમાય જો પુરૂષ મેદસ્વી હોય તો આ રોગ થવાના ચાન્સ વધી જાય. પ્રોસ્ટેટને ગુજરાતીમાં પૌરૂષગ્રંથિ કહે છે.

મૂત્રાશયની પાસે આવેલ નાની સોપારી જેવડી ગાંઠને પૌરૂષ ગ્રંથિ કહે છે. તે મૂત્રમાર્ગના પ્રારંભમાં વિંટળાયેલ હોય છે. સામન્યતઃ પ્રોસ્ટેટ ગ્રંથિમાં થી ચીકણો-પાતળો સ્રાવ થાય છે. આ સ્રાવ વીર્યના કોષોને જીવનશક્તિ આપે છે. વ્યક્તિની વૃધ્ધાવસ્થાએ પ્રોસ્ટેટ ગ્રંથિનું આ કાર્ય મન્દ પડે છે. પ્રોસ્ટેટ ગ્રંથિ મૂત્રાશયની પાસે વિંટળાયેલ હોવાથી જયારે આ ગ્રંથિમાં વૃધ્ધિ થાય, એટલેકે પ્રોસ્ટેટ વૃધ્ધિનો રોગ થાય ત્યારે પેશાબ ટીપે-ટીપે આવે, વારંવાર પેશાબ કરવા જવાની ઈચ્છા થાય પણ પેશાબ ખૂલીને આવે નહિં. વળી, પેશાબ મૂત્રાશયમાં ભરાયેલો રહે એટલે લાંબા સમયે મૂત્રાશયમાં પણ સોજો ચડે છે. વ્યક્તિને પેશાબ કરતા ખૂબ કષ્ટ પડે છે. રોગીને પીડા, બળતરા અને મૂત્રપ્રવૃત્તિનો અવરોધ થતા લાંબા ગાળે વ્યક્તિનો સ્વભાવ ચિડીયો બની જાય છે. માથાનો દુખાવો, કબજીયાત, અરૂચિ આદિ ફરીયાદો પણ રહેવા લાગે છે.

પ્રોસ્ટેટની ચિકિત્સાની વાત કરીએ તો આધુનિક ચિકત્સા શાસ્ત્રમાં સર્જરીનો વિકલ્પ છે. આયુર્વેદમાં અમુક એવા અદ્ભૂત ઔષધો અને ઔષધયોગો છે જેના દ્વારા પ્રોસ્ટેટ વૃધ્ધિને અટકાવી શકાય છે અને વ્યક્તિને આ રોગ મટી શકે છે. - સાટોડી, ગોખરૂ, અને વાયવરણો.. આ ત્રણ ઔષધો પ્રોસ્ટેટ વૃધ્ધિ માટે શ્રેષ્ઠ છે. આ ત્રણેયનો ઉકાળો કરી તેનું નિયત માત્રામાં સેવન કરી શકાય. - આ ઉપરાંત ગળો, પથ્થરફોડ, શુધ્ધ શિલાજીત અને ગૂગળ પણ પ્રોસ્ટેટમાં ફાયદાકારક છે.

- ઔષધયોગો જોઈએ તો ચંદ્રપ્રભા વટી, વરૂણાદિ કવાથ, ગોક્ષુરાદિ ગૂગળ, પુનર્નવાદિ ગૂગળ, કાંચનાર ગૂગળ, સંશમની વટી, વસંત કુસુમાકર રસ આદિ પ્રોસ્ટેટ માટેની શ્રેષ્ઠ આયુર્વેદિક ઔષધીઓ છે. વ્યક્તિની શારીરિક પ્રકૃતિ અને શરીરબળ મૂજબ નિયત માત્રામાં ઉપયોગ કરી શકાય.

- પ્રોસ્ટેટમાં સીટ્ઝ બાથ (હૂફાળા ગરમ પાણીમાં બેસવું) ખૂબ ફાયદાકારક છે. રોજ ૧૫ મીનીટ જેટલું હૂંફાળા ગરમ પાણીમાં બેસવું

- contact@atharvaayu.com

# માંગ્યા હતા પચાસ, વહી ગયા ત્રણસો પાંસઠ, પણ...



## મનના ઉમંગો

રણછોડ પરમાર

ગયા વરસે આ સમયગાળામાં આપણા ગાંધીનગરના લેખિકાબેન શ્રી પ્રજ્ઞાબેન પટેલ એવરેસ્ટ બેઝકેમ્પની મુલાકાતે ગયા હતા. એવરેસ્ટ બેઝકેમ્પ નેપાળમાં આવ્યું છે. એવરેસ્ટના આરોહણની શરૂઆત ત્યાંથી થાય છે. એવરેસ્ટ બેઝ કેમ્પની મુલાકાત તો આનંદપૂર્વક પૂરી થઈ.વળતી યાત્રા પણ શરૂ થઈ ત્યાંસુધી કોઈ મુશ્કેલી ઉત્પન્ન થઈ ન હતી. રસ્તામાં આવતી એક હોટલમાં સૌ પ્રવાસીઓ નાસ્તો કરવા બેઠા. શું મળે છે એવી પૂછતાછ કરતાં હોટલમાં કામ કરતી મહિલાએ આલુટિક્કી બનાવી આપવાનું કહ્યું. સાંભળનારા માટે આ વાનગી સાવ નવી હતી. કેવી રીતે બને એમ પૂછતાં પેલી મહિલાએ બધું ટૂંકમાં સમજાવ્યું. આ વસ્તું કશીક બટાટાવડા જેવી લાગતા બધાયે ખાવા માટે તૈયાર થયા. દુકાનદારે એટલા સરસ બટાટાવડા ખવરાવ્યા કે ભુખ્યાજનોનો જઠરાગ્નિ લગભગ તૃપ્ત અને સંતુષ્ટ થઈ ગયો. પ્રજ્ઞાબેને બટાટાવડા ખાતાં ખાતાં મોબાઈલ ચાલુ કર્યો. મોબાઈલમાં જાતજાતના મેસેજનો વરસાદ થઈ રહ્યો હતો. ભારતમાં રૂ. ૧૦૦૦ અને ૫૦૦ની નોટો નાબુદ કરી દેવામાં આવી છે. શનિ-રવિ બેંકો ચાલુ રહેશે.જૂની નોટો બેંકોમાં પચાસ દિવસમાં જમા કરવાની હતી.હાલ એટીએમમાંથી રૂપિયા ૨૫૦૦ નીકળવાના હતા.બધાના મોબાઈલ ચાલુ થઈ ગયા. ચહેરા ઉપર ચિંતાનાં વાદળ ફરી વળ્યાં. દરેકે પોતાનાં ખિસ્સાં-પાકીટ ચકાસ્યા. બધા પાસે રૂપિયા ૧૦૦૦ અને ૫૦૦ ની જ નોટો હતી. બટાટાવડાના પૈસા ચૂકવવામાં તો કોઈ તકલીફ પડી નહી. કારણ કે આયોજક પાસે હજુ નેપાળનું ચલણ ઉપલબ્ધ હતું. પણ ત્યાંથી આગળ જતાં એક મોટી હોટલમાં ભારે મુશ્કેલી ઉભી થઈ.ત્યાં પ્રવાસીઓએ જાતે નાણાં ચૂકવવાના હતા. અને કોઈની પાસે ચાલુ ચલણ હતું નહીં. બધા લમણે હાથ દઈને હોટલના ટેબલ પર બેઠા હતા. કોઈ એકે વાનગીનો ઑર્ડર આપતું ન હતું. હોટલમાલિકે વિચારમાં પડેલા ભાઈબહેનોને પૂછ્યું કે જમવાનો સમય થઈ ગયો હોવા છતાં કેમ કોઈ ભોજનનો ઑર્ડર આપતાં નથી. પણ જાણે ભગવાન બોલતા હોય એમ હોટલવાળો બોલ્યો, '' બધા શાંતિથી જમો. તમારી જૂની નોટો લેવામાં આવશે. '' આ સાંભળનાર ભાઈ-બહેનોના હૈયામાં કેટલી ટાઢક વળી હશે તે પેલા નોટબંધીના ફાયદા બતાવવાવાળા ક્યાંથી સમજી શકે ? ખરેખર તો કોઈ સરસ હોટલમાં બેઠા હોઈએ, કકડીને ભૂખ લાગી હોય,રસોડામાંથી રંધાતી વાનગીઓની મસ્ત સુગંધ આવતી હોય, ખિસ્સામાં પંદરવીસ હજાર રૂપિયા પડ્યા હોવા છતાં એકે ચીજ મંગાવવાની હિંમત ન થતી હોય એવી કફોડી દશા તો જેણે અનુભવી હોય તે જ સમજી શકે.(પછી આ બધા પ્રવાસીઓએ કેવી કેવી મુશ્કેલીઓનો સામનો કર્યો અને કેટલી મુસીબતે ઘેર પહોંચ્યા તેની વિગતો તો રૂબરૂ સાંભળીએ ત્યારે મગજ ચક્કર ખાઈ જાય,)

ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઠમી નવેમ્બર બે હજાર સિત્તેરની સાંજ ઢળ્યા પછી દેશમાંથી રૂપિયા એક હજાર અને પાંચસોની નોટો રદ કર્યાની વાતને પૂરું એક વરસ વીતી ગયું. વિરોધપક્ષોએ આ દિવસને કાળા દિવસ તરીકે મનાવવાનું નક્કી કર્યું છે. (આજના છાપામાં તે કેવી રીતે મનાવાયો તેના વિગતવાર સમાચાર હશે.) શાસક પક્ષ તરફથી આ દિવસને કાળા નાણાં વિરોધદિન તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે. બે દિવસથી ગુજરાત ગૌરવ યાત્રા પણ નીકળી છે . એ લોકો ગુજરાતના ગૌરવ ભેગાભેગ નોટબંધીથી મળેલી આભાસી સિધ્ધિઓનું પણ ગૌરવ લઈ લીધું હશે. (જુવોને પહેલા અને છેલ્લા પાના પર શું લખ્યું છે.) આ એક વરસમાં ગંગા, જમના અને સાબરમતીમાં ઘણા પાણી વહી ગયા છે. તે સમયે વડાપ્રધાનશ્રીએ તેમના પ્રવચનમાં ગળુ ખોંખારીને કહેલું કે તમે મને પચાસ દિવસ આપો. તે પછી જો આપને મારો નિર્ણય ખોટો લાગે તો તમે જે કહેશો તે સજા ભોગવવા તૈયાર છું. આ વાતને પચાસ દિવસને બદલે આખુ વરસ પસાર થઈ ગયું છે. સરકાર આખા વરસ દરમ્યાન નોટબંધીને કારણે મળેલી સિધ્ધિઓ ઢોલ વગાડી વગાડીને જાહેર કરતી રહી છે. પણ ખબર નહીં કેમ પ્રજા તેમની વાત કાન પર લેતી જ નથી.એનું ખરું કારણ શું છે એની કાંઈ ખબર પડતી નથી. પણ આપણે નોટબંધીને કારણે ઉદભવેલી કેટલીક પરિસ્થિતિઓ તરફ નજર કરીશું તો આજના દિવસે થોડુંક યોગ્ય રહેશે.

નોટબંધી કરવાનું મુખ્ય કારણ શું હતું તે તો કદાચ કદીયે બહાર આવશે નહીં, પરંતુ મોટા મોટા ઢોલ વગાડીને એવી જાહેરાતો કરવામાં આવતી હતી કે દેશમાંથી કાળા નાણાં નાબુદ કરવા માટે આ પગલું લેવામાં આવ્યું હતું .રીઝર્વ બેંકના અહેવાલમાં જણાવ્યા મુજબ ૯૯ ટકા નોટો બેંકોમાં પાછી આવી ગઈ છે. પરત આવેલી નોટોની હજી ગણતરી પૂરી થઈ નથી. ગણી કાઢેલી નોટોનો પૂરો નિકાલ થયો નથી.સરકારના દાવાઓને થપ્પડ મારવાની હોય એમ એક દિવસ પહેલાં નેશનલ ઈંવેસ્ટીગેશન એજન્સી દ્વારા જમ્મુ કાશ્મીરમાંથી રૂપિયા ૩૬, ૩૪, ૭૮, ૫૦૦ની જૂની નોટો પકડવામાં આવી છે. આતંકીઓ પાસે આટલું મોટું નાણાંભંડોળ હોય એ બાબત જ નોટબંધીની સરિયામ નિષ્ફળતા દર્શાવે છે. આ જ દહાડે જર્મનીના એક અખબારે પેરેડાઈઝ પેપર્સમાં વિદેશોની ટેક્ષહેવન બેંકોમાં નાણાં રોકનારાના નામ જાહેર કર્યા છે. તેમાં ૭૧૪ ભારતીયોના નામ સામેલ છે.તેમાં અમિતાભ બચ્ચન ઉપરાંત મોદી સરકારના કેન્દ્રિય મંત્રી શ્રી જયંત સિંહા અને ભાજપના રાજ્યસભાના સાંસદ શ્રી રવિન્દ્ર કિશોર સિંહા પણ છે. અહેવાલમાં પોતાનું નામ આવતાં જ શ્રી રવિન્દ્ર કિશોર સિંહાએ મૌન ધારણ કરી લીધું છે. પરંતુ કાળા નાણાં વિષે રોજેરોજ બોલતા આપણાં નેતાઓ શું બોલે છે તે જોવાનું રહે છે.(કેટલું સરસ બોલ્યા છે તે આજના છાપામાં જોઈ લો.) અગાઉના વરસોમાં કાળા નાણાં સામે ઝંડો ઉઠાવનારા બાબા રામદેવ હમણાં કશું બોલતા નથી એ હકીકત છે. આવી જ રહેતા બે વરસ પહેલાં પનામા પેપર્સમાં પણ ઘણા કાળા નાણાં રોકનારાના નામ જાહેર થયા હતા. તે પૈકી પાકિસ્તાનના વડાપ્રધાને તો આ કેસમાં રાજી નામું આપવું પડ્યું છે. આપણા દેશમાં પનામા પેપર્સના અહેવાલ ઉપર હજી કોઈ કાર્યવાહી શરૂ થઈ નથી. એટલે બધા કાળા નાણાં ધારકો હૈયે ટાઢક રાખીને રોજ ઘીમાં ઝબોળી ઝબોળીને પૂરણ પૂરી ખાય છે. પેલા નોટબંધી વખતે ત્રણ-ચાર-પાંચ-સાત કલાક લાઈનમાં ઉભા રહેનારા શું ખાય છે તેની કોઈએ ચિંતા કરવાની જરૂર નથી. લાઈનમાં ઉભા ઉભા જીવ ગુમાવનારા ૧૨૦ અભાગિયાના(આ સરકારનો આંકડો છે. કોંગ્રેસવાળા તો ૩૦૦ નો આંક આપે છે.) કુંટુંબમાં જઈને કોઇ પૂછે તો ખબર પડે કે નોટબંધીથી ખરેખર શા ફાયદા થયા છે ?

ગુજરાત વિધાનસભાની ચૂંટણી હવે માથા પર છે. ભારતના વડાપ્રધાનને રાજ્યે કરેલા વિકાસ પર જાણે ભરોસો ના હોય તેમ (ટ્વીટરબાજોને બિલકુલ નથી) તેઓ ગુજરાતમાં પચાસ સભાઓ સંબોધવાના છે. આપણી સાથોસાથ હિમાચલ પ્રદેશમાં પણ ચૂંટણી આવી છે. વડાપ્રધાનશ્રીએ ત્યાં પણ ઘણી સભાઓમાં મતદારોને મત આપવા સમજાવવા પડશે. આટલા દિવસો તેઓ ભારતના વડાપ્રધાન તરીકે શું કામ કરી શકશે ? કાશ્મીરના આતંકવાદીઓ કંઈ ગુજરાતની ચૂંટણીને લીધે રજા થોડા પાડવાના છે ? સરહદે ચીનના અડપલાં ચાલુ છે. કોઇ ચીજ વસ્તુના ભાવ ઘટવાનું નામ લેતા નથી. જીએસટીનું કમઠાણ હજી ઠર્યું નથી, નજીકના ભવિષ્યમાં ઠરે તેવા વરતારા પણ નથી. જેમ જેમ વિરોધ વધતો જાય છે અને ચૂંટણી આડે અવરોધ બની શકે તેમ છે ત્યાં જીએસટીના દર નીચી મુંડી કરીને ઘટાડવા પડે છે. અધુરામાં પૂરો પેરેડાઈઝ પેપર્સનો અહેવાલ આવ્યો છે. એને લોકોના દિમાગમાંથી કેવી રીતે દૂર કરવો અને મિડિયાવારાને એની ચર્ચાથી કેવી રીતે આઘા રાખવા તે પણ એક પ્રશ્ન છે. ગુજરાતમાં અમીત શાહે ૧૫૦ સીટ જીતવાનો લક્ષ્યાંક આપતાં આપી દીધો છે. પણ હાલની પરિસ્થિતિમાં ગુજરાતની પ્રજા આખો એકડો કાઢી ખાવા તૈયાર થઈ હોય તેવું લાગે છે ! લોકોએ તો ઠેર ઠેર વિકાસ ગાંડો થયાના બૉર્ડ લગાવ્યા છે. પેલો હાર્દિક કોઈ રીતે માનતો નથી.

ઘણા બધા વિચાર આવે છે, ખાસ તો ગુજરાતની ચૂંટણીમાં શું શાસક પક્ષ દ્વારા ચૂટણી જીતવા કાળા નાણાં નો ખરેખર બિલકુલ ઉપયોગ નહીં થાય ? પણ મારેય તમારી જેમ વિરોધ પક્ષો દ્વારા નોટબંધી દિવસની કેવી રીતે ઉજવણી થઈ અને શાસક પક્ષે નોટબંધીના કેવા કેવા ફાયદા ગણાવ્યા તે બધું છાપામાં વાંચવું છે એટલે અહીં જ અટકું.

# ફરી મળ્યો છે મોકો આજે, દેખાડી દઉં હિંમત, હવે હું જાણી ગ્યો છું શું છે મારા મતની કિંમત



## લાગણીનો મેળો

રસિક વાળંદ

**ફરી મળ્યો છે મોકો આજે, દેખાડી દઉં હિંમત,**
**હવે હું જાણી ગ્યો છું શું છે મારા મતની કિંમત.**

**- હિમલ પંડ્યા 'પાર્થ'**

ચૂંટણીઓ જાહેર થઈ ગઈ... ઉમેદવારીપત્રો ભરાશે... ચકાસણી થશે. ઉમેદવારી પાછી ખેંચાશે... ત્યારબાદ ઉમેદવારોની અંતિમ યાદી જાહેર થશે... ચૂંટણી ઢંઢેરા બહાર પડશે... પ્રચાર પડઘમ શરુ થશે... મતદાન થશે... પરિણામે જાહેર થશે... પછી બધું રાબેતા મુજબ... આપણા દેશમાં બહુ પક્ષીય લોકશાહી છે, રાજકીય પક્ષો, પ્રાદેશિકો ને અપક્ષો... આ બધાયે જનમત મેળવવા પ્રવચનો, સભાઓ, રેડિયો, ટી.વી., અખબારોનો સહારો લઈ મતદાતાઓને રીઝવવા મથશે. મતદારોનો અંગત સંપર્ક ને રોડ શો પણ થશે...

એક જમાનામાં ચૂના કે ગેરુથી રંગેલા સૂત્રોથી શહેર, નગરને ગામની દિવાલો રંગાઈ જતી. આજે પ્લેટફોર્મ બદલાયા ગામની દિવાલોને બદલે વોટ્સએપ અને ફૅસબુક વોલ પર અવનવાં લખાણ લખાય, ઓડિયો, વીડિયો ક્લિપિંગ્સ, જોક્સ, કાર્ટૂન્સ, આક્ષેપ - પ્રતિ આક્ષેપ... ટેગ કરાય, પોસ્ટ કરાય, લાઈક કરાય, ગમે તો ફોરવર્ડ કરાય નહીં તો ડીલિટ કરાય... દરેક પક્ષ કે ઉમેદવારનો પોતાનો એક અલાયદો આઈટી વિભાગ - સાઈબર જૂથ મતદારોને લલચાવવા કંઈકને કંઈક ફેંકાફેંક કરે ને યુઝર્સને ગમે તે પકડી લેને બીજાને ફોરવર્ડ કરે...

ચૂંટણી ટાણે પ્રતિસ્પર્ધીને હંફાવવા - હરાવવા સૌ કોઈ મથે કારણ આ તો રાજરમત છે. પરંતુ કયારેક એવાં હાસ્યાસ્પદ ગતકડાં જોઈ સખેદ આશ્ચર્ય પણ થાય છે. હમણાં હમણાં 'વિકાસ ગાંડો થયો... પાગલ થયો...', 'મારા હાળા છેતરી ગયા' આવા લોકરંજની ગતકડાંએ બાળપણની યાદ તાજી કરાવી દીધી... બાળપણમાં મિત્રો સાથે કેટલીયે એવી વાતો હોય જેમાં અસંમત થતા તેને હેરાન કરવા, એકલો પાડી દેવા છૂટાં કાવતરાં ઘડતા, એને ચીડવવા તેનું કોઈ વિશિષ્ટ નામ પાડતા... ફેલાવતા...એ નામે ચીડવી તેવું જીવવું, બહાર રમવા નીકળવું હરામ કરી નાખતા... મારામારી પણ થઈ જતી... આ તો ના સમજ નાનપણના ખેલ હતાં ! પ...ણ... અહીં તો ચૂંટણી ટાણે રમૂજ કથાઓ ફેલાવી ભલા-ભોળા, નિર્દોષને ભરમાવવા એ તો નર્યું પાપ ગણાય ! લોકશાહીના મંદિર પર આવાં ગતકડાં પથ્થરના ઘા સમાન છે. આવી લાલીશતા ત્યાગી રચનાત્મક અને વિધાયક બાબતોનો સહારો લઈએ એ સમગ્ર સમાજ માટે આશીર્વાદ રૂપ બની રહે.

ચૂંટણી લોકશાહીની પારાશીશી છે અને રાજકીય પક્ષો તેમજ ઉમેદવારો માટે ચૂંટણી જીવનરેખા છે. મુક્ત, ન્યાયી અને પારદર્શક ચૂંટણી યોજાય એ માટે જવાબદાર તંત્ર કોઈ કસર રાખતું નથી. આખરે તો લોકશાહી સરકારની અસરકારકતાનો આધાર દેશના નાગરિકોની ગુણવત્તા પર છે. ચૂંટણી નવાં રાજકીય વલણો સર્જે છે જેનાથી દેશનો ભાવિમાર્ગ નક્કી થાય છે.

દોસ્તો, ચૂંટણી ટાણે સર્જાતા કોમવાદી વલણો કે છીછરા રમૂજી વિચારો વિધ્વંસક પુરવાર થયા હોય છે. 'હિન્દુસ્તાન એટલે વિવિધતામાં એકતા' પરંતુ આજે આવી ગુલબાંગમાં કેટલું વજુદ રહ્યું છે. દેશની એકતા અને અખંડિતતા પર થતા કુઠારાઘાતોને કોણ અટકાવશે ?!! ધીરે ધીરે જ્ઞાતિ - જાતિ, ધર્મ, ભાષા, પ્રદેશ, સંપ્રદાયના કુંડાળામાં સમાજ પુરાતો જાય છે. આપણા સ્વાર્થી રાજકીય ખેલંદાઓ, રૂઢિચુસ્ત, ધર્મગુરુઓ, (અ) સામાજિક અગ્રણીઓ, બની બેઠેલા શિક્ષણના ખેરખાંઓ... આ બધાનું કારણ છે.

વિઘટનકારી વૃત્તિ સમાજમાં વેરભાવ વધારશે. હવે એવું લાગે છે. રાજનીતિની કોઈ ચોક્કસ આચારસંહિતા ઘટવાનો સમય પાકી ચૂક્યો છે. આચારસંહિતા દ્વારા રાજકીય પક્ષોની કે રાજનેતાઓની વિધ્વંસક - વિધાયક પ્રયુક્તિઓને નાથવી જોઈએ. પ્રત્યેક જણ રાજકારણમય બનવા લાગ્યો છે. ત્યારે આવો અંકુશ રાષ્ટ્રીય એકતા માટે અનન્ય સિદ્ધિરૂપ સાબિત થશે.

લોકશાહીમાં સરકાર અને લોકો બંને પક્ષે ધીરજ જાળવવાનું અને સહિષ્ણુતા કેળવવાનું જરૂરી છે. સરકારરૂપે લોકમંતવ્યને પૂરતું મહત્ત્વ અપાય અને લોકોએ પણ વિરોધી મંતવ્યોને સમજવાની અને માન આપવાની સહિષ્ણુતા કેળવવી જોઈએ.

મિત્રો, મતાધિકારનો વિચાર જ ક્રાંતિકારી છે. લોકશાહીનો સિદ્ધાંત જ એ છે કે સમાજનો વહીવટ લોકોની ઈચ્છા મુજબ ચાલે છે... ચૂંટણી એ લોકશાહીનું મહાપર્વ છે. નીરક્ષીર વિવેક દાખવી આળસ - બેદરકારી છોડી જાગ્રતપણે શ્રેયસ્કર પક્ષે ઊભા રહીને... અચૂકપણે VOTE મત આપીએ...

***સ્પર્શમણિ***

હેદરઅલી અભણ હતો. તે પોતાનું નામ લખતાં 'હે' હંમેશા ઊંધો કરતો. કોઈએ કહ્યું, હજુર આ 'હે' ઊંધો છે, તો તેણે જવાબ આપ્યો, 'કાગળ ઉપર એ ઊંધો હશે પણ મારા મગજમાં એ સીધો જ છે.'

એવી રીતે મતદારોમાં સાક્ષરતા ભલે નહીં હોય પણ સમજદારી તો જરૂર છે. એમને સભાન બનાવીએ.

- rasikvaland1965@gmail.com